નં.ડીએમ/પથિક/૦૬૯૨૭૦/૨૩
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા.૦૮/૦૨/૨૦૨૩

# ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧) (W) અન્વયેનું જાહેરનામું

પોલીસ અધિક્ષકશ્રી, જામનગરના તા.૦૧/૦૨/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: જાવક/એસ.ઓ.જી./પથિક/ ૧૬૪/૨૦૨૩ થી ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી ત્રાસવાદી તત્વો મહત્વના શહેરોમાં પ્રવાસીઓને રહેવાની સુવિધા આપતા સ્થળો જેવા કે ગેસ્ટહાઉસ, હોટલ વિગેરમાં રોકાણ કરતા હોય છે શહેરી વિસ્તારમાં તેમજ આંતરીયાળ વિસ્તારમાં આવેલ ગેસ્ટહાઉસ તથા હોટલોમાં ત્રાસવાદી સંગઠનોના માણસો રોકાઈ તે પોતાની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપવાની સંભાવનાઓ રહેલી છે. આ સંજોગોમાં આવા તત્વો બાબતે સંપુર્ણ માહિતી મેળવી શકાય તેમજ તેમના ઉપર અંકુશ લાવી શકાય તે સારુ હોટલ, ગેસ્ટ હાઉસના માલિકો/સંચાલકોનો સહકાર બહુ જ અગત્યોનો છે. આ અંગે ગેસ્ટહાઉસ/હોટલના માલિકો એ નિયમોનું પાલન કરવા તેમજ હોટલ ગેસ્ટહાઉસના માલિકો ગ્રાહકની રજીસ્ટર એંન્ટ્રી સાથે દરેક હોટલે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખી જેમાં અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Programme for Analysis of Traveller & Hotel informaticks) સોફટવેર ઈન્સ્ટોલ કરાવી જામનગર જિલ્લામાં અમલવારી કરાવવા કાયમી જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી જામનગરએ દરખાસ્ત કરેલ છે.

પથિક સોફટવેરની મદદથી બે પ્રકારની કામગીરીમાં મદદ મળે છે. (૧) પ્રિવેન્શન ઓફ ક્રાઈમ અને (૨) ડીટેકશન ઓફ ક્રાઈમ. હાલ જામનગર જિલ્લામાં હોટલોમાં નોંધપાત્ર વધારો થયેલ છે. આ સંજોગોમાં તમામ હોટલો દરરોજ ચેક કરવી ખુબ જ મુશ્કેલ છે. જે પ્રકિયામાં સમયનો વ્યય થાય છે. જયારે પથિક સોફટવેરની મદદથી શહેરની તમામ હોટલો ચેક કરી શકમંદ વ્યકિતઓની ઓળખ કરી, હોટલ ખાતે જઈ પ્રત્યક્ષ ચકાસણી કરી શકાય છે. જેથી તહેવાર, વી.વી.આઈ.પી. વિઝીટ અથવા ઈનપુટ સંબંધે હોટલ ચેકીંગ દરમ્યાન આ સોફટવેર ઉપયોગી નીવડી શકે છે તથા આ સોફટવેરની મદદથી ખુબ ઓછા સમયમાં સમગ્ર વિસ્તારની માહિતી ઉપલબ્ધ કરી શકાય છે.

જેથી, હું **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર જિલ્લો**, જામનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (W) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે, સમગ્ર જામનગર જિલ્લાના શહેરી/ગ્રામ્ય તેમજ અંતરીયાળ વિસ્તારમાં આવેલ દરેક હોટલ/ગેસ્ટહાઉસ/રીસોર્ટ/ધર્મશાળા/સમાજવાડી/ મુસાફરખાનાના માલિકે ગ્રાહકની રજીસ્ટર એંન્ટ્રીની સાથે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખી જેમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ "PATHIK" (Programme for Analysis of Traveller & Hotel informatiks) સોફટવેર ઈન્સ્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એંન્ટ્રી આ "PATHIK" સોફટવેરમાં પણ કરવાની રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરાવીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા.૦૮ માહે ફેબ્રુઆરી–૨૦૨૩ ના રોજ મારી સહી કરી તથા કચેરીના મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ સવિનય રવાના :–
૧. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.
૨. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર.

નકલ રવાના :–
૧. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, (ફર્સ્ટ કલાસ) (તમામ)...........
૨. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
...આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારું.
૩. કમિશ્નરશ્રી, મહાનગર પાલિકા, જામનગર.
૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.
૫. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર.
૬. મામલતદારશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર.
૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર (૨ નકલો સાથે)
...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.
૮. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, સીટી એ ડીવી./ સીટી બી ડીવી./સીટી સી ડીવી./પંચ એ ડીવી./ પંચ બી ડીવી./બેડી મરીન/ મેઘપર (પડાણા)/સિકકા/જામજોધપુર/ શેઠવડાળા/લાલપુર/ કાલાવડ ટાઉન/ કાલાવડ (ગ્રામ્ય)/જોડીયા/ ધ્રોલ પોલીસ સ્ટેશન, જી.જામનગર
૯. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
...ઉકત જાહેરનામાંની ૨(બે) નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ગેઝેટની ૫(પાંચ) નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.
૧૦. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં
...ઉકત જાહેરનામાંના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું.
૧૧. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર
.... ઉકત જાહેરનામાંને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
૧૨. સિલેકટ ફાઈલે